GJRJ020121962016

દાખલ કર્યા તારીખ: ૧૦/૦૮/૨૦૧૬

ફેંસલ કર્યા તારીખ: ૦૨/૦૫/૨૦૨૬

સમયગાળો : વર્ષ – માસ– દિવસ–

**(સાતમાં અધીક જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (શ્રી એ.એસ.ખંડેલવાલ સાહેબ) ની કોર્ટ સમક્ષ મુ. રાજકોટ.**

ફોજદારી કેસ નંબર : ૯૨૩૪/૨૦૧૬.
આંક ::

શ્રી સ ર કા ર. **.....ફરિયાદી**

**–:: વિ રૂ દ ધ ::–**

**(૧) નિલેશભાઈ ગોરધનભાઈ લીંબાસીયા**
ઉ.વ. ૪૩,રહે, ત્રીસા–૨ બંગલા નં–૧૬,
અમીનમાર્ગ પાછળ, કાલાવડ રોડ, રાજકોટ.

**(૨) મેહુલભાઈ દિનેશભાઈ ચાવડા**
ઉ.વ. ૨૨, રહે, સુભાષનગર –૧૦
આમ્રપાલી સીનેમા પાછળ, અમીન મકાન
રાજકોટ.

**(૩) વિશાલભાઈ હરજીવનભાઈ દેસાણી**
ઉ.વ. ૪૦, રહે, ૧૭૭ ગોકુળધામ, કૃષ્ણનગર મેઈન રોડ,
રાજકોટ. (**આંક–૬૪ ના મરણ સર્ટીફીકેટ મુજબ (એબેટ)** **.....આરોપીઓ.**

| | |
|---|---|
| **ગુન્હો:** | **ઈ.પી.કો.કલમ : ૪૦૬,૧૧૪ મુજબ.** |

// **<u>ચૂકાદો</u>** //

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એ.જી.ઝાલા
<u>આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી બી.એલ.બારૈયા</u>

**૦૧..** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા: ૨૦/૦૪/૨૦૧૬ ના રોજ કલાક ૧૬/૦૦ થી તા: ૨૪/૦૫/૨૦૧૬ ના સમયગાળા દરમ્યાન આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીથી પોતાની માપ હેપી હોલીડેઈઝ નામના ટુર એન્ડ ટ્રાવેલ્સની ઓફીસમાં આ કામના ફરીયાદી તેમજ સાહેદને આરોપીઓએ ટુર દરમ્યાન અમુક જગ્યાએ લઈ નહી ગયેલ અને તેમજ આપવાની સુવિધાઓ નહી આપી બુકીંગ વખતે આપેલ વચન વિશ્વાસ આપેલ તે નહી પાડી ફરીયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત કરી ઈ.પી.કો.ની કલમ:૪૦૬, ૧૧૪ મુજબનો ગુન્હો કરતાં આ કામનાં ફરીયાદીએ તે બાબતની ફરીયાદ એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી નંબર– ૧૭૯/૨૦૧૬ આપેલી. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ જરુરી પંચનામાઓ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ તપાસને અંતે પુરતો પુરાવો જણાતા આરોપીની અટક કર્યા બાદ ચાર્જસીટ અત્રેની અદાલતમા દાખલ કરેલ છે.

**૦૨..** આ કામે ચાર્જસીટ આવ્યા બાદ નામ.કોર્ટ તરફથી આરોપીઓ વિરુધ્ધ સમન્સ કાઢવામા ંઆવતા આરોપીને સમન્સ બજી ગયેલ હોય આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. ત્યારબાદ હાજર આરોપીઓને પોલીસ તપાસના કાગળોની તમામ નકલો ક્રિ પ્રો.કોડની કલમ ૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ, આ કામે આરોપીઓ વિરુધ્ધ આંક– ૦૩ થી ઉપરોકત આ ગુનાના કામે ઈ.પી.કો.કલમ : ૪૦૬, ૧૧૪ મુજબના ગુનાનું તહોમત ફરમાવેલ છે. જે તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવવામાં આવેલ છે. આરોપી ઓને સદરહું તહોમતનામાનાં ગુના સબંધે પુછતા

આરોપીની આંક– ૦૪ થી આંક–૦૬ અન્વયે પ્લી લેતા આરોપી ઓને સદરહુ ગુનો કબુલ ન હોવાનું જણાવતા, સદરહુ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

**૦૩..** ઉપર મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ પડેલ પુરાવાને આધારે આ કામના આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા લાયક કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે **આંક– ૭૧** થી **સમાધાન પુરસીસ** રજુ રાખી કેસ આગળ ચલાવવા માગતા ન હોય પુરશીશથી જાહેર કરેલ છે.

**૦૪..** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે તેમના વિ. વકીલશ્રી ની મૌખિક દલીલો સાંભળેલ છે.

**૦૫..** હાલના કેસના ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે આત્રેની કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**–: મુદ્દા :–**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, તા: ૨૦/૦૪/૨૦૧૬ ના રોજ કલાક ૧૬/૦૦ થી તા: ૨૪/૦૫/૨૦૧૬ ના સમયગાળા દરમ્યાન આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીથી પોતાની માપ હેપી હોલીડેઈઝ નામના ટુર એન્ડ ટ્રાવેલ્સની ઓફીસમાં આ કામના ફરીયાદી તેમજ સાહેદને આરોપીઓએ ટુર દરમ્યાન અમુક જગ્યાએ લઈ નહી ગયેલ અને તેમજ આપવાની સુવિધાઓ નહી આપી બુકીગ વખતે આપેલ વચન વિશ્વાસ આપેલ તે નહી પાડી ફરીયાદી

તથા સાહેદ સાથે વિશ્વાસઘાત કરી ઈ.પી.કો.ની કલમ:૪૦૬, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

૦૬.. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

૦૭.. ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ આપેલા છે.

**:: કા ર ણો ::**

**મુદ્દા નંબર–૧ ની ચર્ચા :–**

૦૮.. ફરિયાદપક્ષ તરફે આ કામે બનાવની ફરિયાદી આપનાર મુળ ફરીયાદી મહેન્દ્રભાઈ લાલશંકરભાઇ શુકલ આંક–૬૮ થી પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ૨૦૧૬માં બનેલો.તે વખતે અમારે તથા અમારા બીજા મિત્ર પ્રતાપભાઈ બેચના ફેમીલીને દિલ્હી શીમલા મનાલી વિગેરે જગ્યાએ ફરવા જવાનુ હોય સદર બજાર હરીહર ચોક સ્ટાર ચેમ્બર ચોથા માળે આવેલ માય હેપી હોલીડેઝ નામની ઓફીસે ચારેક વાગ્યે ગયેલા.ત્યાં હાજર વ્યક્તિને અમોએ જણાવેલ કે અમારે ટુરમાં જવુ છે તો તેઓએ અમોને ટુર પ્રોગ્રામ આપેલ અણે નાસ્તો તથા જમવાનું આપવાનું જણાવેલ અને પ્લેન દ્વારા અમદાવાદ થી દિલ્હી અને દિલ્હી થી ટેમ્પો ટ્રાવેલર દ્વારા શીમલા મનાલી ડેલહાઉસી ફરવા લઇ જવાનુ જણાવેલ અને ત્યાંથી દિલ્હી એરપોર્ટ ઉપર અણે ત્યાંથી પ્લેન દ્વારા પહોંચાડવાનું જણાવેલ અને થ્રી સ્ટાર ટાઈપની હોટલમાં રહેવાનુ અને નાસ્તો તથા જમવાનુ આપવાનુ જણાવેલ. ત્યારબાદ મેનેજર મેહુલભાઈ ના કહેવાથી હેપી હોલીડેઝ ના ખાતામાં મેં તા.૨૨/૦૪/૨૦૧૬ ના રોજ અમરેલીથી આઈસીઆઇસીઆઇ બેન્કમાં આ રકમ જમા કરાવેલ અને તેઓના પૈસા મળી જતા તેઓએ બીલ નં–૬૧૦૭૭ અણે વાઉચર મોકલી આપેલ અને બાકીના

પૈસા મેહુલભાઈ ના માંગ્યા મુજબ અમોએ અમરેલીથી કોટક મહીન્દ્રા બેન્ક નો ચેક માય હેપી હોલીડેઝ ના નામે આપેલો અને વડોદરાથી એસબીઆઇનો ચેક માય હેપી હોલીડેઝના નામનો ૨૦,૦૦૦ અને ૨૦,૦૦૦ નો આપવામાં આવેલ અને મેહુલભાઈએ એરોપ્લેનની ટીકીટો મોકલી આપેલ.ત્યારબાદ અમો તા.૧૭/૦૫/૨૦૧૬ ના રોજ અમદાવાદ એરપોર્ટથી દિલ્હી ગયેલા જ્યાં ટેમ્પો ટ્રાવેલ અમોને લેવા માટે આવેલુ.અમો અક્ષરધામ ગયેલા અને બીજા ઘણા બધા સ્થળોએ ગયેલા.ત્યારબાદ પ્રવાસ પુરો થતા અમો દિલ્હીથી અમદાવાદ આવેલા, અમારે આ પ્રવાસ દરમીયાન સમય બાબતે નિલેષભાઇ ગોરધનભાઈ તથા મેહુલભાઈ સાથે સામાન્ય બોલાચાલી થયેલી આ સિવાય બીજુ કંઇ થયેલ નહી. મારે આ કેસમાં સમાધાન થઇ ગયેલ છે મારે કેસ આગળ ચલાવવો નથી.બનાવ અંગે મેં એ ડીવી.પો.સ્ટે. ફરીયાદ આપેલ.વધુમાં ફરીયાદી આંક–૬૯ ની ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી જણાવે છે કે, પોલીસે મારો જવાબ લીધેલ આ સીવાય બીજુ કંઈ બનેલ નહી.આરોપી નિલેશાષભાઇ તથા મેહુલભાઇ કોર્ટમ હાજર છે. આમ, ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને સરકારી વકીલ તરફથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે. બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો એકરાર કરે છે કે, તેઓએ પોલીસને અરજી આપેલી અને પોલીસે તેની રીતે ફરીયાદ લખી લીધેલ. એ વાત ખરી છે કે, આ કામે તેઓને સમાધાન થઇ ગયેલ છે હવે આરોપી સાથે કોઇ મનદુખ નથી. તેમને કેસ આગળ ચલાવવો નથી. સમાધાન થઇ ગયેલ છે.

૦૯.. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફથી સાહેદ પ્રતાપભાઇ કેશવલાલ જેઠવા આંક–૭૦ થી પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે બનાવ ૨૦૧૬માં બનેલો.તે વખતે અમારા મિત્ર મહેન્દ્રભાઈ નો મારા પર ફૌન આવેલો અને કહેલ કે આપડે અગાઉ નક્કી કરેલ કે રાજકોટ હરીહર ચોક સ્ટાર ચેમ્બર ચોથા માળે ૪૧૬ નંબરની હેપી હોલીડેઝ નામની ટુરએન્ડ ટ્રાવેલ્સ માં આપણને એક વ્યક્તિના ૨૦,૦૦૦ લેખે દિલ્હી શીમલા મનાલી ડેલહાઉસી અમૃતસર વિગેરે જગ્યાએ ૮ રાત્રી અને ૯ દિવસની આ ટુર નીકળનાર છે જેમાં હું જવાનો છુ તમારે આવવુ છે જેથી હું મારા પત્નિ નિર્મળાબેન તથા મહેનદ્રભાઈ તથા તેમના પત્ની

એમ ચારેય જણાએ બુકીંગ કરાવેલ.આ ટ્રાવેલ્સમાં મેનેજર મેહુલભાઈ અને માલીક નિલેષભાઈ હોવાનુ અમોને જણાવેલ હતુ અને મેં આ અંગે મારા બન્નેના રોકડા રુપીયા ૨૦,૦૦૦ મહેન્દ્રભાઈ દ્વારા અને ૨૦,૦૦૦ રુપીયા મેં ચેક દ્વારા હેપી હોલીડેઝ ના નામે ચુકવણી કરેલ હતી. પ્રવાસ દરમીયાન થોડી અસુવિધા ઉભી થતા અમારે ટુર મેનેજર તથા માલીક સાથે સામાન્ય બોલાચાલી થયેલ જે અંગે મહેન્દ્રભાઈએ ફરીયાદ આપેલી.પોલીસે મારો જવાબ લીધેલો.આ કેસમાં મારે આરોપી સાથે સમાધાન થયેલ હોય કેસ આગળ ચલાવવો નથી. આમ, આ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને સરકારી વકીલ તરફથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે. બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો એકરાર કરે છે કે, પોલીસે મારૂ નામઠામ પુછેલુ. આ સીવાય બીજુ કંઇ પુછેલ નહી.તેમને આ કામે સમાધાન થયેલ છે. હવે આરોપી સાથે કોઇ મનદુખ નથી. તેમને કેસ આગળ ચલાવવો નથી. સમાધાન થઇ ગયેલ છે.

**૧૦..** આ કામે તપાસ કરનાર અધિકારી પી.એસ.આઇ. આર.એમ.પલાસને સાહેદ સમન્સ કરતા શેરા મુજબ સમન્સમાં જણાવેલ નામવાળા વ્યકિતનો સંપર્ક કરતા હાલ તેઓ બહારગામ ગયેલ હોય મુદતે પહોચી શકે તેમ ન હોય જેની બીજી મુદત આપવા વિનંતી કરેલ છે.

**૧૧..** આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો ઘ્યાને લેવામાં આવે તો આમ, ફરીયાદપક્ષ આરોપી સામેનાં આક્ષેપીત તત્વો પુરવાર કરતા પહેલા ફરીયાદીએ આંક-૭૧ ની સમાધાન પુરશીશ થી ફરીયાદી આ કેસ ચલાવવા માગતા ન હોય પક્ષકારો વચ્ચે રાજીખુશીથી સમાધાન થઈ જતા જયારે આરોપી સામે કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી ત્યારે તેમજ કેસ દસ વર્ષ જુનો હોય, કેસ પડતર રાખવાથી કેસોના ભારણમાં વધારો થાય તેમ છે.અદાલતો પર વધતા કેસોના ભારણમાં આવા કેસો પડતર રાખવાથી ખોટો વધારો કરવો ન્યાયોચિત જણાતું નથી. વધુમાં આ તબકકે ૧૯૯૬ (૧૩) ક્રાઈમ પાના

નંબર ૮૫ સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશનનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો આ ચુકાદા મુજબ જયારે મહત્વના સાહેદ ફરીયાદી અને આેપી વચ્ચે રાજીખુશીથી સમાધાન થઈ ગયેલાનું ફરીયાદી જણાવે છે ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી.આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ નિરીક્ષણ કરેલ છે કે, When Judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

**૧૨.** .આમ, આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાની હકીકતો જોવામાં આવે તો તપાસવામાં આવેલ સાહેદ પોતાની જુબાનીમાં આ કામના આરોપીની સંડોવણી પુરવાર થાય તેવી કોઈ જ હકીકત જણાવતા ન હોય તે સંજોગોમાં હાલના કામે રજુ દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાથી સમર્થન મળતુ ન હોય આરોપી પક્ષ દ્ધારા કબુલ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવાનું કોઈ પુરાવાકિય મુલ્ય રહેતુ નથી અને તેથી આ કામના આરોપીએ વિશ્વાસઘાત કે છેતરપિંડી કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તે સંજોગોમાં પોલીસ સાહેદો કે અન્ય સાહેદોને તપાસવામાં આવે તો પણ આરોપી વિરૂદ્ધનો કેસ સાબીત થઈ શકે તેમ ન હોય,કેસની હકિકતો, પડેલ પુરાવા તથા કાયદાની પરિસ્થિતિ જોતાં ફોજદારી કેસોમાં કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને ફરીયાદપક્ષે પોતાનો કેસ સબળ પુરાવાથી નિ:શંકરીતે પુરવાર કરવાનો રહે છે. જયારે આ કામે ફરીયાદીએ ખુદ આંક–૭૧ ની સમાધાન પુરશીશ અરજીમાં સમાધાન થઈ ગયેલ હોય કેસ આગળ ચલાવવો નથી તેવુ જણાવેલ હોય, આરોપીઓએ પેરા નંબર–૧ માં જણાવેલ ગુન્હો કરેલ હોય તેવુ રેકર્ડ ઉપર પુરવાર થયેલ નથી.આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપીઓ સામે ફરમાવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧

"નકારમાં" નિર્ણીત કરી, ન્યાયના હિતમાં મુદ્દા નંબર–૨ માટે નીચે મુજબનો આખરનો હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના આરોપી **(૧) નિલેશભાઈ ગોરધનભાઈ લીંબાસીયા** રહે, અમીનમાર્ગ પાછળ, કાલાવડ રોડ,**(૨)મેહુલભાઈ દિનેશભાઈ ચાવડા** રહે, આમ્રપાલી સીનેમા પાછળ, અમીન મકાન રાજકોટવાળાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૪૮(૧) અન્વયે ઇ.પી.કો.કલમ–૪૦૬,૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કો.૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) [બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧] મુજબ આ કામના આરોપીએ રૂ ૫૦૦૦/–ના સદ્ધર જામીન તથા તેટલીજ રકમનો જાતમુચરકો આપવો.

આ કામમાં આજરોજ તારીખ– **૦૨મી** , માહે– **મે,** સને–**૨૦૨૬** ના રોજ મારી સહી કરી ખુલ્લા ન્યાયાલયમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(અભય સંજય ખંડેલવાલ)**
સાતમાં અધિક જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
રાજકોટ.
UIC NO. GJ01662

રાજકોટ.
તા. ૦૨/૦૪/૨૦૨૬

(આર.એ.ચંદનાણી)
ગુજ.સ્ટેનો ગ્રેડ–૨